**કૃપાકરી પ્રસિધ્ધી માટે** **૯ માર્ચ ૨૦૧૨**

## મુબઈની મતદાર યાદીઓ સુધારવાનું
## કેંદ્રીય ચૂંટણી કમિશનરનું ભાજપના નેતાઓને આશ્વાસન

**નવી દિલ્હી, શુક્રવાર :** મુંબઈની મતદાર યાદીઓમાં બહોળા પ્રમાણમાં બેવડ મતદાર હોવાનું માન્ય કરી તે સુધારવાનું આશ્વાસન ભારત સરકારનાં ચૂંટણી કમિશ્નર ડૉ.એસ.વાય. કુરેશીએ આજે નવી દિલ્હી ખાતે ભાજપ નેતાઓને આપ્યું છે. માજી પેટ્રોલિયમ પ્રધાન શ્રીરામ નાઈક, સાંસદ શ્રી બાળ આપ્ટે, ભાજપ કેંદ્રિય ચૂંટણી પ્રકોષ્ઠના પ્રમુખ શ્રી આર.રામકૃષ્ણ, ભાજપ અનુસૂચિત મોર્ચાના મહામંત્રી અને મુંબઈના માજી ડે.મેયર શ્રી રમેસ મેઢેકર અને મહારાષ્ટ્ર આઈ.ટી.સેલના સંયોજક શ્રી વિનિત ગોયંકા આ ભાજપના વરિષ્ઠ નેતાઓના પ્રતિનિધી મંડળને દેશના મુખ્ય ચૂંટણી કમિશ્નરે "મતદાર યાદીઓ સુધારવાનું આ કામ અમે આવ્હાન તરીકે સ્વીકારીશું", આમ કહી આ નકકર આશ્વાસન આપ્યું હતું. આ ચર્ચા સમયે મુખ્ય ચૂંટણી કમિશ્નર ડૉ.એસ.વાય. કુરેશી સાથે ચૂંટણી કમિશ્નર સર્વશ્રી વી.એસ.સંપત અને એચ.એસ. બ્રહ્મા પણ સહભાગી થયા હતા.

હાલમાંજ યોજાએલ મુંબઈ મહાનગરપાલિકા ચૂંટણીમાં મતદાન ઓછું એટલેકે ૪૬ ટકા થયું તેવો મત મહારાષ્ટ્ર ના ચૂંટણી કમિશ્નર શ્રીમતી નીલા સત્યનારાયણે વ્યકત કર્યો હતો. તેમનો આ અભિપ્રાય ખોટો હોઈ બેવડાયેલ મતદારો હાલ પણ મતદાર યાદીમાં સમાવિષ્ટ છે અને મૃત મતદારો ને કારણે મતદાર યાદીઓ ઊભરાયેલી છે. કુલ મતદાર ગેરવ્યાજબીપણે વધુ દેખાતા હોવાને કારણે મતદાન ઓછું તયું હોવાનું દેખાય છે, આ મુજબની માહિતી આપી શ્રી રામ નાઈકે કહ્યું હતું કે, " મહારાષ્ટ્રમાં અને વિશેષ કરી મુંબઈમાંની મતદાર યાદી માં બહોળા પ્રમાણમાં બેવડ મતદારો છે. મુંબઈ ખાતે ખૂબ મોટા પ્રમાણમાં મતદારો ઘર બદલાવતા હોય છે, આ ફેરફારની યોગ્ય રીતે નોંધ ન લેવાતા બેવડાયેલ મતદાર નું પ્રમાણ વધી જતું હોય છે." વર્ષ ૨૦૦૭ માં જ આ બાબતે પુરાવા સાથે ધ્યાન દોરવામાં આવ્યું હતું. તેવેળા સાદર કરેલ આકડાનૂસાર ઉત્તર મુંબઈમાંના  મલાડ, કાંદિવલી અને બોરીવલી આ ત્રણ વિધાનસભા ક્ષેત્રમાં જ ૧૮,૦૨,૮૭૭ મતદાર પૈકી ૩,૫૭,૫૨૦ અર્થાત ૨૦ ટકા બેવડ નામો મળી આવ્યા હતા. આ દોષ દૂર કરવાનું આશ્વાસન પણ તેવેળાં આપવામાં આવ્યું હતું. પરંતુ પાછલાં જ મહિનામાં થયેલ મુંબઈ મહાનગરપાલિકા ચૂંટણી ની મતદાર યાદીઓ જોયા બાદ પ્રત્યક્ષે યાદીઓમાં થવો જોઈએ તેવો સુધારો ન થયો હોવાનું જણાયું છે. તેથીજ શ્રી રામ નાઈકે પહેલા રાજયના ચૂંટણી કમિશ્નર શ્રીમતી નીલા સત્યનારાયણની મુલાકાત લીધી હતી. તેમણે પણ ઓછા  માં ઓછા ૧૩ લાખ મતદારો બેવડાયેલ હોવાનું માન્ય કર્યુ હતું. તેવેળાં શ્રી રામ નાઈકે કેંદ્રિય ચૂંટણી કમિશ્નર પાસે પ્રત્યક્ષ ચર્ચા માટે સમય માંગ્યો હતો.

તે મુજબ આજે નવીદિલ્હી ખાતે દેશનાં મુખ્ય ચૂંટણી કમિશ્નરે ભારતીય જનતા પક્ષનાં વરિષ્ઠ નેતાઓનાં શિષ્ટમંડળ સાથે આ વિષય પર ચર્ચા કરી. મતદાર યાદીઓની પવિત્રતા જાલવવી હોય તો તે નિર્દોષ હોવી જોઈએ એ વાત પર શિષ્ટમંડળે ભાર મૂકયો હતો " મુંબઈની નિર્દોષ મતદાર યાદી તૈયાર કરવી એ કામ એક આવ્હાન જ છે. પણ અમે આ આવ્હાન સ્વીકારતા બેવડાયેલ મતદારો ને જુદા પાડી મુંબઈની નવી મતદાર યાદીઓ પ્રાધાન્ય આપી તૈયાર કરીશું," તેવું સ્પષ્ટ આશ્વાસન ડૉ.કુરેશી એ આ પ્રસંગે ભાજપ નેતાઓને આપ્યું હતું.

**(કાર્યાલય સચિવ)**